# ડીસા નગર પાલિકાના સફાઈ કર્મીઓનું સ્નેહ મિલન યોજાયું



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૮

ડીસા નગર પાલિકાના સ્ટોર ખાતે પાલિકા પ્રમુખ દ્વારા પ્રથમવાર નૂતન વર્ષાભિનંદન પાઠવવા માટે સફાઈ કર્મચારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સફાઈનું કામ કરતા કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે પ્રમુખ કૈલાશબેન શાહે તમામને મિઠાઈનું વિતરણ કરી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. પ્રમુખ કૈલાશબેન શાહનું સફાઈ કર્મીઓ દ્વારા ફુલહારથી સ્વાગત કરાયું હતું. પાલીકાના અન્ય સદસ્યોનું પણ કર્મચારીઓએ સન્માન કર્યું હતું. કર્મચારી જગદીશભાઈ જોષીએ શહેરને સ્વચ્છ રાખવામાં સફાઈ કર્મીઓના યોગદાન અને શહેર કાયમી ધોરણે સ્વચ્છ રહે તે માટે સફાઈ કર્મીઓની જવાબદારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પિન્કેશભાઈ શાહ સહિત નગરપાલિકાના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સૂઈ ગામ મુકામે લોક સંવાદ સેતુ યોજાશે

પાલનપુર, તા.૨૮

સૂઈ ગામ તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) આગામી તા. ૧૩મી નવેમ્બર ૨૦૧૪ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે પાણી પુરવઠો, કૃષિ અને સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન તથા જળસંપત્તિ (કલ્પસર સિવાય) મંત્રી બાબુભાઈ બોખીરીયાની અધ્યક્ષતામાં મામલદાર કચેરી સૂઈગામ, તા. સૂઈગામ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં આપના વણ ઉકેલ્યા પ્રશ્નોના નિકાલ માટે આપની અરજીઓ મંગાવવામાં આવે છે. જેમાં સેવા વિષયક, કોર્ટમાં પડતર હોય તેવી બાબતો, જમીન/મિલ્કત સંબંધી દાવાઓ, દિવાની કોર્ટમાં પડતર હોય કે પડકારવા પાત્ર હોય તેવી બાબતો સિવાયના પ્રશ્નો આવકાર્ય છે. દા.ત. હકકપત્રકની નોંધો, વારસાઈ સંબંધેના પ્રશ્નો, વિધવા સહાય, વૃધ્ધ સહાય, નિરાધાર અપંગ સહાય, રેશનકાર્ડ, જાતિ/આવકના દાખલા વગેરે.

એક અરજદાર વધુમાં વધુ બે પ્રશ્નોની રજુઆત કરી શકશે અરજીના મથાળે લોક સંવાદ સેતુ (લોક દરબાર)નો પ્રશ્ન લખવાનો રહેશે. આપના પ્રશ્નો સૂઈ ગામ મામલતદાર કચેરી, મુ.તા. સૂઈગામ (ટે.નં. /ફેકસ નં.૦૨૭૪૦-૨૨૩૬૪૨)ની કચેરીમાં કચેરી સમય દરમિયાન (સવારના ૧૦.૩૦ કલાકથી સાંજના ૬.૧૦ કલાક) લેખિતમાં તા. ૬-૧૧-૦૧૪ સુધીમાં રજુ કરવાના રહેશે. અરજદારે અરજીમાં પોતાનો કોન્ટેક નંબર લખવાનો રહેશે.

# ખેડબ્રહ્મામાં બોગસ ડોકટરોનો રાફડો

## બેવડી ઋતુના કારણે બોગસ ડોકટરોને ઘી-કેળા

ખેડબ્રહ્મા, તા.૨૮

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં લાંબા ચોમાસા પછી શિયાળા એ આળસ ખંખેરીને પોતાની અસર શરૂ કરી હોય તે ઠંડીનો ચમકારો બતાવી રહી છે જયારે બપોરે ગરમી લાગતા આ બેવડી ઋતુથી નગરજનો બિમારીમાં સપડાઈ રહ્યા છે. પરિણામે શહેરના બોગસ ડોકટરો મનફાવે તેમ ગરીબ દર્દીઓને લૂંટી રહ્યા છે.

ખેડબ્રહ્મા શહેર સહિત રાજય ભરમાં ઠંડીનું ધીમે પગલે આગમન થઈ રહ્યું છે. વહેલી સવારે ગુલાબી ઠંડી અને બપોરે તડકો પડતાં શહેરીજનો એક સાથે બેવડી ઋતુઓનો અનુભવ કરી રહ્યા છે. આમ બેવડી ઋતુનું ચક્ર શરૂ થતા ધીરે ધીરે માંદગીના ખાટલા થઈ રહ્યા છે અને નાગરિકો તાવ, શરદી, ખાંસી જેવી બિમારીમાં સપડાઈ રહ્યા છે. સામાન્ય બિમારીને લઈ ગરીબ દર્દીઓ નજીકના પર પ્રાંતિય ડીગ્રી ધરાવતા ડોકટરો પાસે જાય છે જયાં આ ઉંટવૈદ બોગસ ડોકટરો ગરીબ દર્દીઓને જેમ તેમ દવાઓ આપી તગડી ફી વસૂલી રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર આવા બોગસ ડોકટરોનો રાફડો ફાટયો છે અને બોગસ ડીગ્રી લઈ અથવા થોડો સમય કંપાઉન્ડર તરીકે નોકરી કર્યા બાદ આવા ડોકટરો ગ્રામ્ય વિસ્તારમાં પોતાના દવાખાના ખોલી ગરીબ અને અભણ દર્દીઓની જીંદગી સાથે રોજ ચેડા કરી રહ્યા છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ સત્વરે તાલુકામાંથી આવા બોગસ ડોકટરો સામે તાકિદે કાર્યવાહી કરે તેવી નાગરિકો માંગ કરી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં લાભ પાંચમના શુભ મુહૂર્તમાં ધંધો રોજગાર ધમધમ્યા



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર તેમજ આજુબાજુના તમામ તાલુકાઓમાં દિવાળી વેકેશનના માહોલના કારણે જાણે જનજીવન થંભી ગયું હોય તેવો માહોલ જોવા મળતો હતો. તેમજ હિન્દુ ધર્મના રિવાજ મુજબ આજે મોડાસા શહેર તેમજ આજુબાજુના તાલુકાઓના વેપારીઓએ લાંભ પાંચમનું મુહૂર્તમાં ધંધા રોજગારની શરૂઆત કરતાં મોડાસા શહેરનું જનજીવન ધબકતુ જોવા મળ્યું હોય તેવો અહેસાસ થયો હતો.

દિવાળી પછીના પાંચ દિવસનું મીની વેકેશન પૂર્ણ થતાં જ આજે અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેરના બજાર તેમજ રસ્તાઓ ઉપર લોકોની ભીડ ભારે સંખ્યામાં જોવા મળતી હતી. તેમજ વેપારીઓ આગામી માસમાં આવતી લગ્નસરાની મોસમમાં તેમજ ગ્રાહકો પણ જોતરાઈ જઈ તૈયારીઓમાં વ્યસ્ત બની જશે. આજના પવિત્ર દિવસ લાંભ પાંચમના દિવસે શુભ મુહૂર્તમાં વેપારીઓ મીની વેકેશનની સુસ્તી ઉડાડીને પોતાના ધંધા રોજગાર અને આમ જનતા નોકરી તેમજ સંસ્થામાં પ્રવેશ કરી નવા વર્ષમાં પોતાનું આવનારૂ વર્ષ ખુબ જ સારૂ અને સફળ નીવડે તેવી પ્રાર્થના સાથે શુભારંભ કર્યો હતો. લાંભ પાંચમના દિવસે નાના તેમજ મોટા વેપારીઓ પણ આ દિવસને પોતાના ધંધા તેમજ પરિવાર માટે શુભ ગણતા હોવાથી લાંભ પાંચમના દિવસે શુભ ચોઘડીયામાં ધંધા રોજગારનો શુભારંભ કરી પોતાની વ્યસ્તતા ભરી જીંદગીમાં પૂર્વરત થઈ જાય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે જાણે મોડાસા શહેર તાજગી અનુભવતો હોય તેવા દશ્યો તાદશ્ય થતા હતા.

# નિલોફર વાવાઝોડા સંદર્ભે સાબરકાંઠા જિલ્લાના નદીકાંઠા વિસ્તારના ગામોને સતર્ક કરાયા

## વાવાઝોડાના અગમચેતીરૂપે જિલ્લા કંટ્રોલરૂમ શરૂ કરાયો




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા.૨૮

સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં આગામી ૭૨ કલાકમાં નિલોફર વાવાઝોડુ ત્રાટકવાની સંભાવના છે ત્યારે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા સાવચેતીના ભાગરૂપે કંટ્રોલરૂમ શરૂ કરી આગામી વાવાઝોડાના સંદર્ભમાં તંત્ર સતર્ક હોવાનું જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ યોજાયેલી એક પત્રકાર પરીષદમાં જણાવ્યું હતું.

આ અંગેની વિગત આપતા જણાવ્યું હતું કે, સોરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારમાં નિલોફર વાવાઝોડની શકયતાને લઈ ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા અને રાધનપુર સહિતના અન્ય વિસ્તારમાં રાજય સરકાર ધ્વારા સાવચેતીના પગલારૂપે સ્ટેટ કંટ્રોલ ૧૦૭૭ નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. જયારે સાયકલોનની અગમચેતી માટે ૧૯૪૮ નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. જયારે જિલ્લામાં સાબરકાંઠા જિલ્લામાં પણ નિલોફર વાવાઝોડાના સર્તકતા રાખી જિલ્લાકક્ષાએ ૧૦૭૭ નંબર કંટ્રોલ રૂમ ખાતે શરૂ કરાયો છે. ઉપરાંત સાયકલોન અંગેની જાણકારી મેળવવા ૧૯૪૯ નંબર કાર્યરત કરાયો હોવાનું જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

કલેકટરે જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા આરોગ્ય, પાણી અને વિજપુરવઠા સહિતની આવશયક સેવાઓ પંહોચાડવા સક્ષમ હોવાનું જણાવી જિલ્લામાં વરસાદની શકયતાને લઈ નદીકાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરવામાં આવ્યા હોવાની સાથે તરવૈયાની ટીમને સાબદા રહેવાની સૂચના આપવામાં આવી હોવાનું કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું આ પત્રકાર પરીષદ અધિક કલેકટર એસ.ડી.ધાનાણી, સહિત ડિઝાસ્ટર વિભાગના કનુભાઈ પટેલ અને અન્ય અગ્રણી દૈનિકના પત્રકારો ઉપસથિત રહ્ઞા હતા.

## વાવ મુકામે યોજાનાર લોકસંવાદ સેતુ મોકુફ રખાયો

પાલનપુર, તા. ૨૮

વાવ તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ તા. ૩૦મી ઓક્ટોબર-૨૦૧૪ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે જિલ્લાના સહપ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં મામલતદાર કચેરી વાવ, તા. વાવ ખાતે યોજાનાર હતો જે કાર્યક્રમ અનિવાર્ય કારણોસર મોકુફ રાખવામાં આવ્યો છે. જેની અરજદારોને નોંધ લેવા જણાવાયું છે.



ઊંઝા-મહેસાણા માર્ગ પર ભાંડુ નજીક પુરપાટ ઝડપે દોડી આવતી અલ્ટો કારને ટક્કરે ભેંસ (પશુ)નું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. જ્યારે કાર માર્ગ પરથી ફંગોળાઈ પાસેના બાવળના ઝાડમાં ઘુસી ગઈ હતી. કારમાં સવાર બે વ્યક્તિને ઈજાઓ થતા મહેસાણા સિવિલમાં લાવવામાં આવ્યા હતા. **(તસવીર : મહેશ બારોટ, ઊંઝા)**



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

**ડીસામાં પેટ્રોલ પંપ પર શોર્ટ સર્કીટથી ગાડીમાં આગ** - ડીસા-પાલનપુર હાઈ-વે પર આવેલ પેટ્રોલ પંપ પર ડીઝલ ભરાવવા આવેલી સ્કોર્પિયો ગાડીમાં શોર્ટ સર્કીટને કારણે અચાનક જ આગ ભભુકી ઉઠી હતી. આથી જોત જોતામાં જ આખી સ્કોર્પિયો ગાડી બળીને ભસ્મીભૂત થઈ જવા પામી હતી.

# વડાગામમાં દિવાળીમાં ફટાકડાં ફોડતાં બાળકો દાઝી જવાના કિસ્સા



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ, તા. ૨૭

દિવાળીના પાવન પર્વના ઉત્સાહમાં બાળકો ફટાકડાંની મોજ માણતા હોય છે. જેમાં ક્યારેક દાઝી જવાના પણ બનાવો બનતા હોય છે. આ વર્ષે વડાગામ વિસ્તારમાં ફટાકડાં ફોડતા દાઝી જવાના માત્ર બે-ત્રણ સામાન્ય ઈજાઓના બનાવોને બાદ કરતા ઓછા રહેતા તંત્રએ રાહતનો દમ લીધો હતો.

વડાગામ પંથકમાં ફટાકડાં ફોડતા દાઝેલા બાળકોને સરકારી આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાઈ રહી છે. દિવાળીના દિવસોમાં ખાનગી દવાખાનાઓમાં રજાઓનો માહોલ રહેતો હોવાથી આ સમયે ૨૪ કલાક સેવા આપતા સરકારી દવાખાના પ્રજા માટે ખૂબ જ આશિર્વાદરૂપ સાબિત થતાં હોય છે. જો કે આ પર્વ દરમ્યાન વડીલો જો બાળકોની સાથે ફટાકડાં ફોડતી વખતે હાજર રહે તો આ પ્રકારના બનાવોમાં ચોક્કસપણે નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.

# આગામી નિલોફર વાવાઝોડા અંગે તકેદારી અંગે મીટીંગનું આયોજન



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી બી.જે. ભટ્ટના અધ્યક્ષ સ્થાને આગામી ૩૦-૧૦-૨૦૧૪ ના રોજ સંભવિત નિલોફર વાવાઝોડા અંગે અગમચેતીના પગલાં માટેની પત્રકારો સાથે મીટીંગનું આયોજન કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવ્યું હતું.

આગામી તા. ૩૦-૧૦-૧૪ ના રોજ નિલોફર વાવાઝોડાની હવામાન ખાતાની આગાહી પ્રમાણે કાંઠા વિસ્તારો પર જોરદાર પવન અને વરસાદનો ખતરો પેદા થશે. જેની અસર સમગ્ર ગુજરાત પર થશે. સ્વાભાવિક રીતે જ અરવલ્લી જિલ્લાનો પણ સમાવેશ થાય તો તે સમયે અરવલ્લી જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ તેમજ વહીવટતંત્ર સજજ છે તેમ જણાવતા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે સંભવિત પરિસ્થિતિ ઉભી થાય તો સામાન્ય જનજીવન ખોરંભે ન પડે અને સત્વરે વીજ પુરવઠો, પાણી પુરવઠો, નાગરિક પુરવઠો, આરોગ્યલક્ષી તમામ સેવાઓ તત્પર રહેવા સૂચનાઓ અપાઈ હતી. જેથી કુદરતી આપત્તિ સામે બચાવ અને રાહતના પગલાં તાત્કાલિક લઈ શકાય.

સંભવિત પરિસ્થિતિ સમયે વીજ પુરવઠો બંધ થાય કે વીજ થાંભલાઓ પડી જાય તો મોબાઈલ સેવાઓ કેમ સતત ચાલુ રહે તે અંગે પણ વિવિધ બીએસએનએલ તેમજ મોબાઈલ કંપનીઓને તાત્કાલિક ફોન સેવાઓ મળે તે અંગે પણ સૂચના કલેક્ટરશ્રી દ્વારા આપવામાં આવી હતી.

આ મીટીંગમાં અધિક કલેકટરશ્રી એ.બી.પટેલ તેમજ તમામ જિલ્લાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# ચારુતર વિદ્યામંડળમાં સરદાર વલ્લભભાઈ પટેલના ૧૪૦મા જન્મદિનની ઉજવણી થશે

વલ્લભ વિદ્યાનગર, તા.૨૮

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ ચારુતર વિદ્યામંડળ (સૅરલિપ)ના પ્રેરણાપુરુષ અને અખંડ ભારતના શિલ્પી એવા ચરોતરના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના ૧૪૦મા જન્મદિવસની ઉજવણી સીવીએમ મુખ્યાલય ખાતે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં શુક્રવાર, ૩૧ ઑક્ટોબરના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી કરવામાં આવશે. આ પહેલાં સવારે ડૉ. પટેલ અને ભગીની સંસ્થાઓના વડાઓ તેમજ નગરજનો, શિક્ષણ સંસ્થાઓના વડાઓ અને અધ્યાપકો-શિક્ષકો સરદાર સાહેબની પ્રતિમાને માલ્યાર્પણ કરવામાં સહભાગી થશે.

આ વર્ષે ચારુતર વિદ્યામંડળસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા- સૅરલિપના ઉપક્રમે સરદાર પટેલ જ્ઞાનવર્ધક કસોટી અંતર્ગત જિલ્લા કક્ષાએ યોજાયેલી નિબંધ સ્પર્ધાનાં વિજેતા વિદ્યાર્થીઓને સમારંભમાં મહાનુભાવોને હસ્તે પુરસ્કૃત કરવા ઉપરાંત સરદાર સાહેબના ગુણાનુવાદ માટે તેમના જીવન અને કાર્યો અંગે વિવિધ વ્યાખ્યાનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલ જયંતીને રાષ્ટીય એકતા દિવસ તરીકે મનાવવાની કરેલી હાકલને પગલે સરદારપ્રેમીઓ આ સમારંભમાં મોટી સંખ્યામાં ઉમટીને સરદાર સાહેબ ભણી ભાવાંજલિ અર્પે એવો અનુરોધ સીવીએમના માનદ મંત્રી શ્રી. એસ.એમ. પટેલે કર્યો છે.


**ગાંધીનગર માટે**

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

**મોર્ડન મોટર્સ**

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦